ગાંધીનગરસમાચાર

## જન્મદિને વધામણી



મહેન્દ્રભાઈ ત્રિવેદી
અધ્યક્ષ
પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ
મો. ૯૮૨૫૦ ૩૫૮૩૩



જિતેન્દ્ર વી શાહ
કારોબારી સભ્ય
ગુજરાત ઈતિહાસ પરિષદ
મો. ૯૪૨૮૮ ૦૩૨૫૮



ફાધર શાઈજી
કેથોલિક ચર્ચ
મો. ૯૪૨૭૫ ૪૪૮૦૪



વિનોદચંદ્ર ગોર
મો. ૯૯૨૪૩ ૩૧૧૯૭



નિહાન અલ્પ પટેલ
મો. ૯૯૦૪૩ ૫૩૯૩૦

# ફોરમના ગ્રીષ્મોત્સવ અંતર્ગત વક્તૃત્વકલા શિબિરનો શુભારંભ





## કોઈ પણ ક્ષેત્રમાં પ્રભાવશાળી કોમ્યુનિકેશન અનિવાર્ય છે : પ્રકાશ લાલા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં આજથી ત્રિ-દિવસીય વક્તૃત્વકલા શિબિરનો શુભારંભ થયો છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા 'ગ્રીષ્મોત્સવ' અંતર્ગત યોજાઈ રહેલી સાહિત્યિક પ્રવૃત્તિઓનો આજથી શુભારંભ થયો છે. જાણીતા નાટ્યવિદ્ અને કલ્ચરલ ફોરમના ઉપપ્રમુખ શ્રી પ્રકાશભાઈ લાલાએ વક્તૃત્વકલાનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, પ્રત્યેકમાં સુષુપ્ત શક્તિઓ પડેલી જ હોય છે, જરૂર છે પ્રભાવક અભિવ્યક્તિની. માર્કેટિંગ અને માહિતીના આદાન-પ્રદાનના આ યુગમાં કોઈ પણ ક્ષેત્રમાં પ્રભાવશાળી કોમ્યુનિકેશન અનિવાર્ય છે. આ શિબિરના માધ્યમથી બાળકો-યુવાનોમાં આત્મવિશ્વાસ વધશે અને તેઓ પ્રભાવક વકતા બનશે તો ગાંધીનગર કલ્ચરલ ફોરમના પ્રયત્નોની સફળતા કહેવાશે.

વક્તૃત્વકલા શિબિરના મુખ્ય સંયોજક શ્રી નિમેષભાઈ રાવલે જણાવ્યું હતું કે, આ શિબિર દરમિયાન અસરકારક વક્તૃત્વ, જાહેરમાં વકતવ્ય, વકતવ્ય માટેની સજ્જતા, પરસ્પર સંવાદ જેવા આયામો પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. ત્રણ દિવસની શિબિર પછી શિબિરાર્થીઓની સુઝ, સજ્જતા અને સંવાદમાં અવશ્ય સુધારો જણાશે.

આ પ્રસંગે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પૂર્વ જનસંપર્ક અધિકારી શ્રી નરેશભાઈ ઠાકર અને પનઘટ કલા કેન્દ્રના શ્રી ભાવિન પટેલ ઉપસ્થિત રહ્યાં હતા.



રાજસ્થાન હિન્દી હાઈસ્કુલ ના ૧૯૯૮ બેચ ના ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ એ ૬ મે (મઈ) ૨૦૧૮ ના રોજ શ્રી બાલાજી અગોરા મૉલમાં પોતાનું ૨૦ વર્ષ પછીનું પ્રથમ સ્કૂલ રિયુનિયન કર્યુ હતું. આ પ્રોગ્રામનું નામ સ્પર્શ રાખવામાં આવ્યું હતું. સ્કૂલના હાલના અને રિટાયર્ડ શિક્ષકોનું વિદ્યાર્થીઓ એ સમ્માન કરવામાં આવ્યુ હતું. આ પ્રખ્યાત સ્કૂલ ના વિદ્યાર્થીઓ જે ભારત ના દરેક ખુણાઓ થી આવી ને જુની યાદો તાજી કરી અને ડાન્સ કરી ભરપૂર મજા માણી હતી.

## વીર નર્મદ દક્ષિણ ગુજ.યુનિ.ના કુલપતિની નિમણૂકને હાઈકોર્ટમાં પડકારાઈ

ગાંધીનગર, તા. ૧૧

વીર નર્મદ દક્ષિણ ગુજરાતના કુલપતિ ડૉ. શિવેન્દ્ર ગુપ્તાની નિમણૂક તમામ નિયમો નેવે મૂકીને કરવામાં આવી હોવાનું જણાવી આ નિમણૂક તાત્કાલિક અસરથી રદ કરવા તેમજ ત્યાં સુધી તેમને કામ કરતા અટકાવવાની દાદ માગતી પિટિશન વડોદરાના એક જાગૃત નાગરિકે હાઈકોર્ટમાં કરી છે. યુનિવર્સિટીની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરાં થયાં છે. ત્યારે ૫૦ વર્ષની ઈતિહાસની આ પ્રથમ ઘટના છે જેમાં કુલપતિની નિમણૂકને હાઈકોર્ટમાં પડકારવામાં આવી હોય.

વડોદરાની જાગતે રહો પાર્ટીના પ્રમુખ પ્રફુલ્લ દેસાઈએ હાઈકોર્ટમાં કરેલી પિટિશનમાં જણાવ્યું છે કે તેમણે આરટીઆઈ મુજબ માહિતી મગાવી તેમાં જાણવા મળ્યું કે ડો. શિવેન્દ્ર ગુપ્તાને પ્રોફેસર તરીકેનો અનુભવ નથી. ખરેખર નિયમ મુજબ પ્રોફેસર તરીકેનો ૧૫ વર્ષનો અનુભવ હોવાનું અનિવાર્ય છે. જ્યારે ડો. શિવેન્દ્ર ગુપ્તાને એક વર્ષનો પણ અનુભવ નથી.

વળી, કુલપતિ બનવા માટે કુલ ૫૨ શિક્ષણવિદોએ રસ દાખવ્યો હતો. જેમાંથી સ્ક્રૂટીની કમિટીએ ત્રણ નામો પસંદ કર્યાં હતાં. જેમાં અમરોલી કોલેજના પ્રિન્સિપાલ ડો. કિશોરસિંહ ચાવડા, એલ.ડી. આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ ડો. મહિપાલસિંઘ ચાવડા અને મર્મદા કોલેજના પ્રિન્સિપાલ તેમજ હાલ યુનિવર્સિટીના ઉપકુલપતિ ડો. ભાસ્કર રાવલનાં નામોનો સમાવેશ થાય છે.

## ગાંધીનગરમાં એજ્યુકેશન એક્ષ્પો-૨૦૧૮નો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ડેમોગ્રાફીક ડીવીડન્ડ સમાન યુવાશકિતને આધુનિક સમયાનુકુલ શિક્ષણના આયુધથી સજ્જ કરી રાષ્ટ્ર ઘડતર-રાષ્ટ્રનિર્માણમાં જોડવા એજ્યુકેશન એક્ષ્પોને સક્ષમ માધ્યમ ગણાવ્યા છે.

મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં થનગનાટ કલ્ચરલ ફાઉન્ડેશન આયોજીત ત્રિદિવસીય એજ્યુકેશન એક્ષ્પો-૨૦૧૮નોપ્રારંભ કરાવ્યોહતો.

તેમણે કહ્યું કે, ભારત વિશ્વનો સૌથી યુવા દેશ છે તેવે સમયે યુવાશકિતને યોગ્ય દિશાદર્શન-માર્ગદર્શન મળે તો યુવાશકિત ભવિષ્યના પડકારોને તકમાં પલટાવવા સક્ષમ છે.

મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, કારકીર્દી ઘડતરના ઉંબરે ડગ માંડતા વિદ્યાર્થીઓ-યુવાઓને આવા એજ્યુકેશન એક્ષ્પો દ્વારા વિશ્વકક્ષાના અભ્યાસક્રમો, કેરિયર ઓરિએન્ટેડ એજ્યુકેશન વગેરેની માહિતી-જ્ઞાન ઘેર બેઠાં મળી રહે છે.




વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યુ કે, ગુજરાતનો યુવાન વિશ્વ સાથે આંખમાં આંખ મિલાવી સ્પર્ધા કરી શકે તેવો સામર્થ્યવાન બનાવવા, ભારત નિર્માણમાં તેનું યોગદાન પ્રેરિત કરવા મરિન યુનિવર્સિટી, ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, પેટ્રોલિયમ યુનિવર્સિટી, રક્ષાશકિત યુનિવર્સિટી જેવી વિશ્વકક્ષાની ૫૭ યુનિવર્સિટીઓ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી રાજ્યમાં સાકાર થઈ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, યુવાનોના નવિનત્તમ વિચારોને ઓપ આપવા સ્ટાર્ટઅપ મિશન, આઈ-ક્રિયેટ સહિતની સંસ્થાઓ પણ સરકારે શરૂ કરી છે. ગુજરાતની યુવાશકિત પોતાની સાહસિકતાને આના સથવારે આગળ ધપાવે તેવી નેમ છે. યુવાનોને જોબ સીકર નહિ - જોબ ગીવર બનાવવા છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

વિજયભાઈ રૂપાણીએ ધોરણ-૧૨ પછી કારકીર્દી ઘડતરની અહેમિયત ઓળખીને આવા એજ્યુકેશન એક્ષ્પો યોજાઈ રહ્યા છે તેને અભિનંદનીય ગણાવ્યા હતા.

આ એજ્યુકેશન એક્ષ્પો - ૨૦૧૮ના પ્રારંભ અવસરે મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંહ, ફાઉન્ડેશનના સ્થાપક અધ્યક્ષ ભીખુભાઈ, રોહિતભાઈ નાયાણી તેમજ એકઝીબિટર્સ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.

## પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજીના વરદ્હસ્તે પાણીની ટાંકીઓ સીમા સુરક્ષા દળને અર્પણ





ગાંધીનગર, તા. ૧૧

ભારત રાષ્ટ્રની રક્ષામાં લાગેલા બહાદુર નવજુવાનો માટે કચ્છ વિસ્તારમાં પાણીની સવલતો માટે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા આચાર્ય શ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજના વરદ્ હસ્તે એક હજાર લીટરની કેપેસીટી વાળી એકસો નંગ પાણીની ટાંકીઓ સીમા સુરક્ષા દળ કચ્છને અર્પણ કરવામાં આવી હતી.

પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજે દેશને સમર્પિત બહાદુર જુવાનોને જણાવ્યું હતું કે આપણા ભારત રાષ્ટ્ર માટે જેઓ સજાગ છે, ખડે પગે ઊભા રહી દેશ સેવા માટે દુઃખ વેઠે છે ત્યારે ખડે પગે ઊભા રહી દેશ સેવા માટે દુઃખ વેઠે છે ત્યારે ભારતના તમામ નાગરિકો સુખનો અહેસાસ કહી રહ્યા છે.

શ્રી આઈ.કે. મહેતા, ડી.આઈ.જી, સીમા સુરક્ષા દળ, કચ્છ, ભાલેન્દુ ત્રિવેદી, કમાન્ડર વિગેરે અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા અને પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજને સન્માનપત્ર અર્પણ કરી બહુમાન કરાયા હતા.

પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજે પણ દેશની સેવામાં તૈનાત એવા અધિકારીઓને તથા નવજુવાનોને શાલ, પુષ્પમાલા અર્પણ કરી પીઠ થાબડી આશિર્વાદ પાઠવ્યા હતા.

# પ્રવાસ એટલે નૂતન ઉર્જાનું ઉદ્ગમ

## દેશના વિવિધ સ્થળોએ પ્રવાસ કરી વ્યક્તિ પ્રાકૃતિક સૌંદર્યને માણવાની સાથે પોતાના જીવનને પણ અલગ તાજગીથી, અલગ સૌંદર્યથી ભરી શકે છે

**પ્રસંગસર**
**પૃથ્વી શાહ**

દરેક કુટુંબ વેકેશન માટે કંઈક આયોજન કરે છે. દર વરસે વિવિધ સ્થળના પ્રવાસન માટે તે વિચારે છે. વેકેશનમાં હિલ સ્ટેશને અથવા ધાર્મિક સ્થળે કે પોતાના ગામથીય દૂર પોતે ન જોયેલી અજાણી - પ્રસિદ્ધ જગ્યાએ જાય છે. આવી જગ્યાએ સવારથી રાત્ર સુધી પ્રાકૃતિક રંગોનો ઉત્સાહપૂર્વક નીરકે છે. સવારમાં ઊગતા સૂરજને - સૂરજના ઉદયને પોતાના ગામ કરતાં અલગ નજરથી જુએ છે. રસ્તામાં પક્ષીઓના કલરવને સાંભળવા પણ ઊભો રહી જાય છે. કયાંક વહેતા પાણીના ઝરણાના કલકલ અવાજને ધ્યાનમગ્ન થઈ સાંભળે છે. કયાંક તળાવ અને તેની આસપાસ રહેલા વૃક્ષોના સૌંદર્યને જોઈ કુદરતનો આનંદ માણે છે. કયાંક સમુદ્ર તટે ઉગતા સૂરજને અને પાણી પર વિખરાતા સૂરજની રોશનીના રંગોને મૌન બની નિરખ્યા કે છે. આમ તે સમુદ્ર સાથે તાદાત્મ્ય કેળવે છે. કયાંક ખીલેલા ફૂલોના સૌંદર્યને એટલી નજાકતથી નીરખતો હોય છે. જાણે એ ફૂલોમાં તેને નિરાકારના દર્શન થયા હોય. કયાંક પહાડી વિસ્તારમાં પહાડ પરથી વહેતા પાણીના ધોધને જોવામાં મશગુલ બને છે. કયારેક વહેતા પાણી સાથે પોતાના બાળપણમાં ખોવાઈ જતો હોય અને ચિંતામુક્ત જીવનનો આનંદ ઉઠાવી શકે છે.

આમ તો દરેક ગામમાં એક સરખી રીતે સવાર પડે છે. સૂરજ ઊગે છે. તડકો નીકળે છે. ફૂલો ખીલે છે. માનવીઓની ચહલપહલ રસ્તામાં જોવાય છે. ઑફિસ-ધંધા-અભ્યાસના વિચારો સાથે માનવીની દોડધામનો પ્રારંભ થાય છે. સામાજિક પ્રસંગોની ઉજવણી પણ થતી હોય છે પરંતુ પ્રવાસ યાત્રા પર નિકળતો માનવી પદ - સત્તા - રોજિંદી કામગીરીની ચિંતાથી મુક્ત બની પ્રકૃતિની રમણીયતામાં ખોવાય છે. તેથી યાત્રા દરમિયાન માનવીને મનની શાંતિની અનુભૂતિ થાય છે. નવી જગ્યા સાથે પોતાપણાનો અહેસા અનુભવે છે.

આપણા દેશમાં એવા કેટલાક તીર્થસ્થાન ઉદય પામ્યા છે. જ્યાં માનવીને પરમ અનુભૂતિ થતી હોવાની સાંભળવા મળે છે. જેમ કે કાશી તીર્થ, કન્યાકુમારીનું વિવેકાનંદ રોક, પોંડીચેરીનું આશ્રમ અને સમુદ્ર કિનારો, સાંઈ બાબાનું શિરડી, રામેશ્વર, મદુરાઈ, જૈનોનું સમેતશિખર, હરિદ્વાર, ઉત્તરાખંડના પવિત્રધામો વગેરે, કૈલાસ માનસરોવર ખાતે ભાગ્યે વસવાટ છે છતાં માનવી ત્યાં નિર્જનતા નથી અનુભવતો પણ અલૌકિક આનંદની અનુભૂતિ પ્રાપ્ત કરે છે. શબ્દોમાં વર્ણવી ન શકાય એવી પરમ અનુભૂતિ અને પરમ શાંતિ માનવી પ્રાપ્ત કરે છે. તેથી યાત્રા - પ્રવાસે જતાં માનવીએ ચિંતાના બોજથી મુક્ત થઈ, સમય પસાર કરવાના ખ્યાલથી બહાર આવી સ્થળ સાથે એકાત્મયતાના ભાવથી જવું જોઈએ. મનમાં પવિત્ર ભાવ નહિં હોય તો કદાચ કાશીની અનુભૂતિ નહિં મળે અને કદાચ પોતાના ગામથી પણ ગંદકીથી ભરેલ ગામમાં ગયાનો અહેસાસ માત્ર થશે. કન્યાકુમારીમાં પણ પરમ અનુભૂતિને બદલે માત્ર ગામની ઉણપો અને ત્રુટિઓ નજરે પડશે. એ પવિત્ર સ્થળમાં છુપાયેલા તત્ત્વોની અનુભૂતિનો લ્હાવો લૂંટવાનો પરમ આનંદ પ્રાપ્ત નહિં થાય.



આજના સમયમાં માનવી માત્ર ફરવા - રજાઓ ગાળવા - સમય પસાર કરવા પ્રવાસે નથી જતો. અજાણ્યા ગામમાં આવેલા પોતાના ગામ જેવા જ મકાન - મેડી - તળાવ - બગીચા - વનરાજી જોવા માત્ર નથી જતો. માનવીને પ્રવાસ થકી જ્ઞાનપ્રાપ્તિની અપેક્ષા હોય છે. કંઈક નવું જાણવાની ઈંતેજારી હોય છે. વ્યક્તિ જે સ્થળે - જે પ્રદેશમાં જાય ત્યાંની પ્રકૃતિ - સંસ્કૃતિ - સંગીત - કળા - ઈતિહાસ - પહેરવેશ અને અન્ય વિશિષ્ટતા જાણવા આતુર હોય છે. એ સંગીત માણવા ચાહે છે તો પહેરવેશને અપનાવવા ચાહે છે. પોતાના શ્વાસમાં નવા વિસ્તારની ખૂબીઓ અને ખાસિયતોને ભરવા ચાહે છે. તેથી જ પ્રવાસેથી પરત ફરતો માનવી થાક અનુભવતો નથી પણ નવી તાજગી પ્રાપ્ત કરી પોતાના રોજિંદા કાર્યોમાં ઉત્સાહપૂર્વક પરત ગોઠવાય છે.

એક જમાનો હતો જયારે વાહનવ્યવહારની આજના જેવી સુવિધાઓ ન હતી. આલિશાન હોટલો કે પૅકેજ ટૂરની અને મનગમતા ભોજનની સવલત ઉપલબ્ધ ન હતી. રસ્તામાં કોઈક સ્થળે જાતે રસોઈ બનાવવી પડતી. એ યાત્રા પ્રમાણમાં કષ્ટદાયક પણ હતી. પણ આધુનિક સમયમાં પ્રવાસમાં પહેલા જેવી મુશ્કલી રહી નથી. પ્રવાસમાં ચિંતા કે તનાવ રહ્યા નથી. યોગ્ય આયોજન કરવાથી ટ્રેન કે બસનું રિઝર્વેશન અગાઉથી કરાવી શકાય છે. રહેવા માટે હોટલોનું બુકિંગ કરાવી શકાય છે. વિવિધ સ્થળ માટે પૅકેજ ટૂર પણ ઉપલબ્ધ છે. પ્રવાસ દરમિયાન અને યોગ્ય મુકામ પર પૌષ્ટિક ખાણીપીણી ઉપલબ્ધ હોય છે. પ્રવાસીને જાતે રાંધવાની તકલીફ વેડવી પડતી નથી. અલગ - અલગ શહેરમાં જોવાલાયક સ્થળના દર્શન એક જ દિશામાં થઈ શકે છે. કુટુંબ સાથે આરામદાયક રીતે પ્રવાસનો આનંદ માણી શકાય છે. જ્ઞાન પ્રાપ્ત કરવાની સાથે વિવિધ વિસ્તારની કળા અને સંસ્કૃતિને જાણી શકાય છે. દેશના વિવિધ સ્થળોએ પ્રવાસ કરી વ્યક્તિ પ્રાકૃતિક સૌંદર્યને માણવાની સાથે પોતાના જીવનને પણ અલગ તાજગીથી, અલગ સૌંદર્યથી ભરી શકે છે.